શ્રી

અજીતસિંહ

નાટકનાં ગાયનો.

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત

"શ્રી દેશી નાટક સમાજ" માટે

છપાવી-પ્રસિદ્ધ કરનાર

"મંત્રી ને કુંડલા હસમુખરામ ધોળશાજી.

અમદાવાદ પાનકોરના નાકે સ...(?) પ્રીન્ટીંગ પ્રેસમાં

માણેકલાલ અમૃતલાલને છાપી.

કીંમત ૨ આના.

રાજા રજવાડામાં વ. ,"બાદશાહી યાકુતી અનંગ વિલાસ"
નામની ઉમદા દવા સરકારમાં રજીસ્ટર થયેલી છે. અને
તેનો સરકારી રજીસ્ટર નંબર ૨૩૧ છે. નકલીઆથી
સંભાળજો. અમારી બનાવેલ યાકુતી માત્ર
રાજકોટમાં અમારા ઔષધાલયમાંજ
મળે છે.

બાદશાહી યાકુતી.

અનંગ વિલાસ.

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવી આપે છે, પુરૂષાતન કાયમ રાખે છે. સંસાર સુખ ભોગવવા માટે દેશી અને યુનાની દવામાં ઉંચામાં ઉંચી દવા જોઈએ તો આ બાદશાહી યાકુતી અનંગ વિલાસ છે, આ રાજવંશી યાકુતી વીર્યવિકારના તમામ વ્યાધિ મટાડે છે અને વીર્ય ઘાટ બનાવી ખરૂ પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી.

૪૦ ગોળીની ડબી એકના રૂ. ૬૫.

ડાક્ટર કાલીદાસ મોતીરામ
રાજકોટ—(કાઠીઆવાડ.)

શ્રી

અજીતસિંહ.

નાટકનાં ગાયનો.



શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત

શ્રી દેશી નાટક સમાજને માટે

રચી-છપાવી પ્રસિદ્ધ કરનાર

ઝવેરી ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.

અમદાવાદ.

આવૃત્તિ ૪ થી   પ્રત ૨૫૦૦.



અમદાવાદ—પાનકોરના નાકે 'મનહર' પ્રિન્ટિંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે માલેકને માટે છાપ્યું.



સંવત ૧૯૭૧.   સને ૧૯૧૪.

કિમ્મત રૂ. ૦—૨—૦ (બે આના.)

ॐ

શ્રી અજીતસિંહ નાટકનો ટુંક સાર

અંક ૧ લો.

મંગળાચરણ.

પ્રવેશ ૧ લો—મહારાજ યશોવર્માના મહેલમાં યુવરાજ અજીતસિંહના જન્મ દીવસનો મહોત્સવ, સરદાર સમરસીંહનું આમંત્રણ મીત્રના આમંત્રણનો સ્વીકાર, યશોવર્માનું સમરગઢ તરફ વીદાય થવું, રાજ્યની લાલચમાં લુબ્ધ થયેલા યશોવર્માના ભાઇ ચંદ્રસીંહનું સામંત સાથે કરેલા સંકેત પ્રમાણે મહેલમાં દાખલ થવું, રાણીપાસે બનાવટી પ્રેમની માગણી, રાણી ઉપર ચંદ્રસીંહનો જુલમ, પુત્ર અજીત સાથે મારી નાંખવાની ધમકી, વફાદાર દાસી સુશીલાની આવા ભયંકર પ્રસંગમાં હીંમત, પારણામાં સુતેલા રાજકુમારને બદલે પોતાનો બાળક સુવાડે છે ને રાજકુમારને પોતે લઇ લે છે. સ્વાર્થાંધ ચંદ્રસીંહ રાણીનું તથા કુમારનું ખુન, દાસી પુત્રની ઓળખાણ, અજીતને બચાવી નાસી જતી સુશીલા પાછળ સામંતને જવા હુકમ.

પ્રવેશ ૨ જો—ન્યુસ પેપર વાંચતો ગોટાશા, પેપરના આરટીકલ વાંચવા નવી સ્ત્રીનો અણુ વિશ્વાસ, પરણતી વખત ખાસડાં ખાવાની તથા ઉઠ બેશ કરવાની સરત કરી છે તેનો પશ્ચાતાપ, નવા સુધારાની ફેશનમાં આવતી નવી, સરતને અમલ, જુનીના છોકરા મણીલાલનું આવવું, ખાસડાં ખાતાં બાપને શીખામણ, નવીનો ગુસ્સો, મણીલાલને કાહાડી મુકવો, નવીનું રીસામણું. સુધરેલી લબ મુજબ નવીના કહેવા પ્રમાણે કબુલ થવું.

પ્રવેશ ૩ જો.—સરદાર સમરસીંહના મહેલમાં મીત્રની સ્વાગતા, અરસ પરસ મીત્ર ધર્મની પ્રશંસા, ચંદ્રસીંહે પ્રપંચથી મોકલેલા નોકરનું આવવું, યુવરાજ અજીતની બીમારીની ખોટી ખબર, યશોવર્માનું ગભરાવું, નોકરના કહેવા પ્રમાણે નજીકને રસ્તે થઇ અમરગઢ જવા ઉપડી જવું.

પ્રવેશ ૪ થો—નદી કીનારાના જંગલમાં યશોવર્માને મારી નાંખવાનો સંકેત કરતા અજલસીંહ તથા કજલસીંહ સાથે ચંદ્રસીંહ, ખુનના બદલામાં મોટી જાગીરો ને ઇનામની લાલચ, યશોવર્માનું આવવું, બંનેની લડાઇ. યશોવર્માનું ખુન, રાજકુમાર અજીતને લઇ નાસતી સુશીલા પાછળ પડેલો સામંત, ઝાડની પોલમાં દાસી સુશીલાનું છુપાવું, ઝાડને આગ, છોકરાની સાથે દાસીનું ઝાડ ઉપર ચડવું, નદીમાં કુદી પડવું, પાછળ લુંટારો કજલસીંહ, અજીતસીંહ સાથે નદીમાં તણાતી સુશીલા ને કજલ, આશ્ચર્યચકીત ચંદ્રસીંહ.

પ્રવેશ ૫ મો.—ચંપાના વિચારમાં મણીલાલ, ગાયન ગાતી ચંપા, શીશીઆરીખોર બાપનાં કંટાળાથી ચંપા કાયર, પરસ્પર લગ્ન કરવાનો સાંકેત, ગાયન, બાદ નવીના બેહેરા બાપનું બહાર ગામથી દવા કરાવવા ગોટાશાને ઘેર આવવું, ગોટાશા મોતીશાને, ગોટાનો ડ્રેસ પેહેરાવવો, નવીનું આવવું, ગોટાશાના ડ્રેસમાં મોતીશાને ગોટાશા જાણી ખાસડાનો માર, બાપની ઓળખાણ, ગોટાશાનું આવવું, અરસપરસ વાદવિવાદ, જખમી થવું.

પ્રવેશ ૬ ઠો.—સરદાર ગમરસીંહના પ્રધાન સુરસીંહના બગીચાનો આગળનો ભાગ, બેભાન બનેલી સુશીલા અજીતને સંભાળતી ભુખથી ને દુઃખથી હેરાન થઇ નાસીપાસ થયેલી દીવાના જેવી બની, ઇશ્વરને ભરોસે અજીતને પ્રધાન સુરસીંહના દરવાજા પાસે સીડી પાસે મુકી ચાલી જાય છે.

હાસ્યવિનોદ કરતાં રમાસુંદરી ને સુરસીંહ, દંપતિનો આનંદ સંતાન ન હોવાથી રમાની ચિંતા, સુરસીંહનું શાન્તવન એકાએક અજીતકુમાર ઉપર દ્રષ્ટિ, બંને આશ્ચર્યચકીત. પરમેશ્વરની મહેરબાની જાણી મળ્યું ધારી આનંદથી સ્વીકાર, પાલક પિતા ને પાલક માતા તરીકે ઉછેરવા નિશ્ચય આનંદ.

પ્રવેશ ૭ મો.—દીવાની સુશીલાનું આવવું, બેભાનમાં મુકેલી જગ્યાએ પુત્રની તપાસ. પુત્રગુમ જાણી ડાકણ જેવી દેખાતી સુશીલાનો ગભરાટ કલ્પાંત, પાછળ પડેલા ફજલનું આવવું, પકડી ચંદ્રસીંહ પાસે લઇ જવી.

પ્રવેશ ૯ મો.—લુટારા અજબસીંહની ભયંકર ગુફામાં ચંદ્રસીંહ, કજલનું સુશીલા સાથે આવવું. ચંદ્રસીંહનું સુશીલાને સમજાવી બાળક આપવા સુચન. સુશીલા ઉપર જુલમ નીડર ને વફાદાર સુશીલાની શુદ્ધ નેકી, ચંદ્રસીંહનો બેહદ જુલમ. ઘાતકી શિક્ષા, જીવતા વાઘના પીંજરામાં કેદ, રહની મદદ, દર્શન ને સુશીલાનો બચાવ.

અંક ૨ જો.

(પહેલા અંક ને બીજા અંક વચ્ચે ૧૬ વર્ષનો અંતર છે.)

દરમ્યાન.

(સમરસીંહના પ્રધાન સુરસીંહને ત્યાં કુમાર અજીત ૨૦ વરસ નો થયો છે, બાદ એડીનપુરના નવાબે એકાએક રાજ્ય ઉપર હુમલો કરી રાજ્ય કબજે કરી લેવાથી સરદાર સમરસીંહની વતી લડાઇમાં પ્રધાન સુરસીંહ મરી જાય છે ને અજીત સરદાર સમરસીંહના રક્ષણમાં રહે છે, નવાબની ઇતરાજીથી નિરાશ્રિત થયેલા સમરસીંહનું પોતાના બે બાળક (સજજનસીંહ સવિતાસુંદરી) અજીતસિંહને વફાદાર વીરસિંહની સાથે અમરગઢમાં ચંદસિંહના આશ્રમમાં જવું.)

પ્રવેશ ૧લો—યશોવર્માને મારી રાજા બનેલા ચંદ્રસીંહનો દરબાર, ભાઇનો કૃત્રીમ શોક, સમરસીંહનું કુટુમ્બ સાથે આગમન, ચંદ્રસીંહનું આશ્વાસન, પુરતી મદદ આપી પોતાને ત્યાં રહેવા ગોઠવણ, ચંદ્રસીંહની મહારાજા યશોવર્માના મરણ માટે પ્રપંચયુક્ત દીલગીરી, સમરસીંહને કુટુંબ સાથે સારી રીતે રાખવા સામંતને ભલામણ, સમરસીંહની પવિત્ર રાજબાળા સવિતાસુંદરી ઉપર ચંદ્રસીંહની નજર, સામંતને પોતાના માટે સવીતાની માગણી કરવા સુચના.

પ્રવેશ ૨જો—પ્રપંચી વીચારમાં મસ્ત સામંતસીંહ, લુંટારા અજબસીંહ તથા કજલસીંહનું આવવું, અગાઉ આપવા કહેલી બક્ષીસની ઉઘરાણી, સામંતનો દિલાસો, લગન વખતે આવજો કહી સમજાવવા.

પ્રવેશ ૩ જો—અજીતનાં રક્ષણ માટે ફરતી સુશીલા (ડાકણ) રાજપુત્રને સહાય ને ચંદ્રસીંહનું કપટ ખુલ્લું કરવાના વીચારમાં, કીલ્લાની પાસેના બગીચામાં રાજકુમારી સવિતાસુંદરી, સખીઓ સાથે હસ્યવિનોદ, ગરબો, દેવીપુજન, શીકારે નીકળેલા સજ્જનસીંહ ને અજીતસીંહ, બગીચામાં મરહુમ મહારાજા યશોવર્માનો મરણસ્થંભ શીલાલેખ, સજ્જનસીંહનું શીકારે પ્રયાણ, અજીતસીંહ ચીંતાગ્રસ્ત, દેવીની પ્રાર્થના, અચાનક કુમારી સવિતા. પ્રેમની માગણી, સવિતાનો એકતરફી પ્રેમ, વીર અજીતસીંહનું ચાલાકે સમ-

આવવું, પ્રેમાન્ધ સવિતાનો અત્યાગ્રહ, બાળાના વિશુદ્ધ પ્રેમને વશ થઇ અજીતસીંહે પ્રેમનો સ્વીકાર કરવો, પ્રેમગમત ડાકણુ (સુશીલા) નો આશીર્વાદ, અચાનક શીકારેથી પાછો આવેલો સજ્જનસીંહ, આશ્ચર્ય. ટેબ્લો.

પ્રવેશ ૪ થો—ગોટાશાના ઘરમાં બીમાર પડેલા મોતીશા, નવીને દીલાસો ડાકટર તથા ગોટાશાનું આવવું, મોતીશાનો ઉપ-ચાર, નવી ડાકતર ઉપર આશક, સંકેત પ્રમાણે નવીનો ઢોંગ, ગોટાશાનું પાણી લેવા જવું, નવી તથા ડાકતરનો પ્યાર, ગોટાશાનું આવવું, નવીને વધારે બીમાર જણાવી દવાખાને લઇ જવી, ગોટાશાનો વ્હેમ.

પ્રવેશ ૫ મો.-આવી પડેલી સ્થીતીના વિચારમાં, સમરસીંહ ઉશ્કેરાયેલો સજ્જનસીંહ, પીતાની પાસે અજીતસીંહની ફરીઆદ, સમરસીંહનો સંશય, અજીતનું આગમન, લાચાર અજીત સમરસીંહનો તીરસ્કાર, રાજકુટુંબના મરતબાથી દુર કરી હલકા નોકર તરીકે ગણી વીરસીંહના બાગમાં અજીત કુમારી સવિતાનું આવવું, અમરસીંહ તથા સજ્જનસીંહની સાથે વાદવિવાદ, સવિતા પોતાની લગ્ન કરી નાખવાનો નિશ્ચય કરવું, સવિતા મુર્છામાં, અજીત માટે પાવાનું લઇ આવતો વીરસીંહ, સવિ-તાને શાન્તવન ને ધીરજ, બંનેનો મેળાપ, વીરસીંહનો એક વફાદાર નોકરની રીતે મદદ કરવાને [illegible] સુધી [illegible] સહાય કરવા અન્નદેવના સોગન, ઇશ્વરની સ્તુતી.

પ્રવેશ ૬ ઠો—સમરસીંહ, અજીતસીંહ બેવફા નીવડયો તેના વીચારમાં, સજ્જનસીંહને વધારે શીક્ષા કરી ઘર બહાર કાઢવા મત, સમરસીંહની દીર્ઘદ્રષ્ટિ, પુત્રને શાંત કરવો, સામ સામે આવતા ચંદ્રસીંહ, લગ્ન સંબંધી વાતચીત, ચાંલ્લા કરવા તૈયારી, લુંટારા અજબસીંહ તથા કજલસીંહનું આવવું, ચંદ્રસીંહ પોતાનું પોગળ ખુલ્લું થવાના ડરથી સમરસીંહના મનમાં મળી અપમાન કરી નહીં ઓળખતા, બહારવટીયાઓ સાથે સમરસીંહ તથા સજ્જનસીંહ, સવિતા ચંદ્રસીંહને નહીં આપતા અજબસીંહની ભલામણ, ચંદ્રસીંહ ગુસ્સામાં, અપમાન કરી લુંટારાઓને કાઢી મુકવા, લગ્નની તૈયારી માટે જવુ.

પ્રવેશ ૭ મો—અજીતસીંહના શોકમાં ડુબેલી સવિતા, ઝેર પીવાની તૈયારીમાં દાસીનું શાન્તવન, અચાનક અજબસીંહ તથા કજલસીંહ, સવિતાનું હરણ. દાસીની બુમ. સામંત સજ્જનસીંહનું પાછળ જવું.

પ્રવેશ ૮ મો.—શીકારે નીકળેલો અજીતસીંહ, કીસ્મતની કમનસીબીનો વીચાર, સવિતાનું હરણ કરી નાસેલા લુંટારા, સવિતાની બુમ, અજીતે લુંટારાના હાથથી સવિતાને બચાવવી, સામંતનું આવવું. ભયથી ડરી જઈ છુપાઈ જવું, લુંટારાનું નાસી જવું, સવિતા અજીતનો ફરી મેળાપ, વાતચીત, અચાનક સજ્જનસીંહ, બંનેને સાથે જોઈ સક્રોધ, અજીતના ઉપરજ હરણ કરવાનો આરોપ, અજીતે ગુસ્સામાં મારવા

ખેંચેલી તરવાર, સવિતા વચ્ચે પડી ભાઈને ન મારવા અજીતને સુચના, સજ્જન ગુસ્સામાં સવિતાને નોકર સાથે વીદાય કરવી.


અજીત, પોતાના પાલનહાર સરદારના એકના એક કુમાર ઉપર હાથ નહી કરતાં શીકારે ચાલી જવું, સવિતાને છોડી નાસી ગયલા લુંટારા, સજ્જનસીંહને ઉપાડી જવો, સીંહનો શીકાર કરતાં તુટેલી તરવાર સાથે અજીત, સવિતાના હરણના આરોપ માટે પશ્ચાતાપ, કીલ્લા તરફ વીદાય થવું, ખુણાયેલો સામંત બહાર, અજીતસીંહને પોતાના રાજાનો હરીફ સમજી સજનસીંહનું ખુન કર્યાનો જુઠો આરોપ ચડાવી ઠાર કરવા સામંતનો નિશ્ચય, સાબીતીમાં તુટેલી તરવારને લોહીવાળાં કપડાં લેવાં, અચાનક સુશીલા (ડાકણ) નું આવવું, પાપીઓના પાપનું પ્રાગટ્ય, સામંતનું ગભરાવું, અજીત યશોવર્માનો પુત્ર ને ચંદ્રસીંહનો ભત્રીજો છે એમ ડાકણનું કહેવું ને ડાકણ તે ડાકણ નહીં પણ સુશીલા. ટેબ્લો.

પ્રવેશ ૯ મો.—ચંદ્રસીંહના મહેલમાં અફસોસ કરતાં સમરસીંહનું આવવું, કુંવરીના હરણના ખબર, ચંદ્રસીંહનું શાન્તવન બાદ સામંત, કુંવરી સહીસલામત છે ને હરણ કરનાર અજીતસિંહ છે. સાથે સજ્જનસિંહનું ખુન કર્યાનું તોહોમત, સાબીતીમાં તુટેલી તરવારને લોહીવાળાં કપડાં રજુ. અજીતનું આવવું, અજીતને ખુની ઠરાવી ધીટકાર, અજીતનું નિર્દોષ છું એમ કહેવું, નહિ માનતા ન્યાયકારી ફાંસીએ ચડાવવા નિશ્ચય, અજીત કેદ સામંતને ચંદ્રસિંહ.

પ્રવેશ ૧૦ મો.—હવાખાનું, નવી અને ડાકટર, ગોટાશાનું નવીને લેવા આવવું, ડાકટરને પોતાને ઘેર આવવાનું જણાવી ગોટાશા સાથે નવીનું જવું, ચંપાને મળવા આવનાર મણીલાલનો પ્રપંચ, ડાકટરનું પરિષદમાં જવું, પ્રેમઘેલી ચંપા ને મણીલાલ, લગ્ન કરી નાંખવા ચંપાને પોતાને ઘેર બોલાવવાની સુચના, ગાયન.

પ્રવેશ ૧૧ મો.—દરબાર ચંદ્રસિંહને હાથે ન્યાય, નિર્દોષ અજીતને ફાંસીનો હુકમ. અન્યાય થતો જોઈ વફાદાર વીરસિંહનો સાચો જવાબ. ચંદ્રસિંહની સાથે ઝપાઝપી, વીરસિંહને દેશપાર. એકાએક રૂદ.

ટેબ્લો.



અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.—બહારવટીઆઓ દારૂની ધુનમાં, ચંદ્રસિંહે સજ્જનસિંહના ખુન કર્યાનું તોહોમત મુકી અજીતને ફાંસી દેવાનો વિચાર કર્યો છે તે સંબંધી વાતચિત, સવિતા મેળવવાનો આ દાવ છે ધારી અજયસિંહ સવિતા અમને આપો નહિ તો સજ્જનસિંહ તથા ડાકણ (ગુણીબા)ને રજુ કરશું ને તમારૂં પોગળ પ્રકાશ થશે એવું કજયસીંહ સાથે કહેવડાવવા મોકલવો.

પ્રવેશ ૨ જો.—સામંતને ચંદ્રસીંહના પાપો માટે અફસોસ કરતો વફાદાર વીરસીંહ, અજીત તથા સવિતાને વચન આપ્યા છતાં કાંઇ કરી શકયો નહિ તેના પશ્ચાતાપ, મદ્યપાનના મદમાં મસ્ત બનેલા ચંદ્રસીંહ તથા સામંત વીરસિંહનું ગુપ્ત રહી સાંભળવું, આનંદમાં આવેશમાં પીઓ, લુટારાના માણસનું આવવું, સવિતાની માંગણી, રંગમાં ભંગ, સજ્જનસિંહ તથા ડાકણ જીવતા સાંભળી બંનેનો ગભરાટ, નાછુટકે સવિતાને આપવાનો ને તે બદલ સજ્જનસીંહ તથા ડાકણનું ખુન કરવું તેવો ફરમાનપત્ર ચંદ્રસીંહના સહી સીકા સાથે લખી આપવો, ગુપ્ત રહેલો વીરસીંહ, પ્રકાશમાં હરકોઇ રીતે સજ્જનસીંહ તથા ડાકણને છોડાવી અજીતને બચાવવા નિશ્ચય.

પ્રવેશ ૩ જો.—કારાગૃહમાં અજીત, વિરહઘેલી વનિતા સવિતા અજીતનો મેળાપ, નાસી જવાની સુચના, પોતે નાસી જવાથી

કલંકીત થાય ને જગતમાં અપકીર્તિ થાય તે માટે ખુશીથી મરવા કબુલ, સવિતાનું સમજાવવું, સખ્ત પહેરામાં રાખવા ચંદ્રસિંહનો હુકમ, અજીતને લઇ જવો, સવિતા મુર્છામાં, સાથે લઇ જવી,

પ્રવેશ ૪ થો—બહારવટીઆઓના ભયંકર મકાનમાં સજ્જનસિંહ તથા ડાકણુ પીંજરામાં કેદ, સજ્જનસિંહ મોતના પંજામાં છતાં શુદ્ધ ક્ષત્રીવટનો ટેક, લુંટારાનો તીરસ્કાર, ડાકણુનો પશ્ચાતાપ, ત્રણેની ઝપાઝપી, સવિના તથા વીરસીંહનું ગવૈયા ને ગાનારીના રૂપમાં આવવું, લુટારા દારૂમાં ચકચુર, સજ્જનસીંહ તથા ડાકણુને છોડાવી લુંટારા સાથે લડાઇ, લુંટારાનાં ખુન, દસ્તાવેજ હાથ. ટેબ્લો.

પ્રવેશ ૫ મો-ગોટાશાના ઘરમાં નવી તથા ડાકટરનો પ્રેમ, મણીલાલનો અવાજ, નવી તથા ડોકટરનો ગભરાટ. કોથળામાં બન્નેનું છુપાવવું, ચંપા તથા મણીલાલનું આવવું છોકરાનાં ચરિત્ર જોતા ગોટાશા, ધમકી કોથળાનો ગડગડાટ, ગોટાશાના ઘરમાં ધીંગાણો, કોથળામાંથી નવી તથા ડાકતરનું નીકળવું, નાક કાપવું, ડાકટરને હાથે ચંપા-મણીલાલનો હસ્ત મેળાપ.

પ્રવેશ ૬ ઠો—ચંદ્રસીંહનો લગ્નમંડપ, બાજુમાં અજીતસીંહને મારી નાખવાનું ભયંકર યંત્ર, મારવાની તૈયારી, અજીતનું નિર્દોષ છું એમ સમરસીંહને કહેવું, સમરસીંહની દયા, ડાકણુ અચાનક આવી છોકરાના ખુનની ફરીઆદ, ચંદ્રસીંહ

તથા સામંત ભયભીત, ડાકણના મામીંક જવાબ, સમરસીંહ વીચારમાં, યશોવર્મા તથા રાણીનું ખુન કરનાર ચંદ્રસીંહ છે એમ ડાકણનું કહેવું, વીરસીંહ તથા સજ્જનસીંહનું આગમન, પાપીઓના પાપનું પોકળ પ્રકાશ, નીદોષ અજીત ખુની નહીં પણ આ રાજનો હકદાર વારસ, ચંદ્રસીંહ તથા સામંતનું અજીતને સજ્જનને હાથે મ્હોત ને સવિતા સુંદરીને અજીતસીંહનો હસ્તમેળાપ, ને રાજ્યમાતા તરીકે સુશીલાને હસ્તે અજીતસીંહને રાજ્યાભિષેક, મહારાજા યશોવર્માના આત્માને શાન્તિ.



ૐ શાન્તિ. ૐ શાન્તિ. ૐ શાન્તિ.

સમાપ્ત.

શ્રી અજીતસિંહ નાટકમાં આવતા મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો.


યશોવર્મા... ... ...અમરગઢનો રાજા
ચંદ્રસિંહ... ... ...યશોવર્માનો ભાઇ.
સમરસિંહ ... ...સમરગઢનો સરદાર, યશોવર્માનો મીત્ર
સજ્જનસિંહ ... ...સમરસિંહનો પુત્ર
અજીતસિંહ ... ...મહારાજા યશોવર્માનો પુત્ર, સમરસિં-હના પ્રધાન સુરસિંહને હાથે ને સમર-સિંહના આશ્રમમાં ઉછરેલો (નાયક)
સુરસિંહ ... ...સમરસિંહનો પ્રધાન અને અજીતસિં-હનો પાલક પિતા.
વીરસિંહ... ... ...સમરસિંહનો વફાદાર નોકર.
સામંતસિંહ .. ..મહારાજા યશોવર્માનો નિમકહરામ નોકરને ચંદ્રસિંહનો પ્રપંચી સલાહકાર
અજલસિંહ ... ...પ્રખ્યાત બહારવટીઆઓ ચંદ્રસિંહના
કજલસિંહ મદદગાર.
મોતીશા ... ...એક વણીક ગ્રહસ્થ નવીનો બાપ
ગોટાશા ... ...ફેશનેબલ બૈરીનો વર
મણીલાલ ... ...ગોટાશાની જુનીનો છોકરો.
ડા. જરમન સીલવર ... ...ડો૦ એલ. એમ. એન્ડ એસ.

સ્ત્રી પાત્રો:

યશોમતિ ... ...યશોવર્માની રાણી.
રમાસુંદરી ... ...સુરસિંહની સ્ત્રી.
સુશીલા (ઉર્ફે ડાકણ)... ...વફાદાર દાસી યશોમતિની.
સવિતા સુંદરી ... ...સમરસિંહની પુત્રી અજીતસિંહની સ્ત્રી
(નાયિકા)
રસીકા ... ...સવિતાની દાસી.
ચંપા ... ...ડો૦ ની દીકરી.
નવી... ... ...ગોટાશાની વહુ

એ સિવાય દરબારીયો, વારાંગના વગેરે.

સ્થળ—અમરગઢ અને સમરગઢ, આજુબાજુનું જંગલ.



ૐ તત્સત્ પરમાત્મન નમઃ

શ્રી અજીતસિંહ નાટકનાં ગાયનો.

સુત્રધાર— મંગળાચરણ.

ૐ તત્સત્ પરમાત્મન પ્રણમામિ

યાચું દ્રષ્ટિ દેવ દયાની
સર્વ સાક્ષી સર્વના અંતર્યામી
તમ શરણાંગત અજ્ઞાની આ પ્રાણી
તારો ધરી આ પાણી.
ભવક્ષીરમાંહિ બહુ અથડાઈ
તુફાને જીરાઇ ડુબે પનાઇ
સુકાની સુજ્ઞાની નિર્માની નિષ્કામી
ન ઇતિ ન ઇતિ નિગમ ગામી
અગમ અપાર આગમ વિચાર
મતિ તલભાર શકે ના જાણી.
મતિવર કર કર ધર વરવા વર
સફલ સફર કર સ્વામી. ૐ

નટીઓ—

વીર મહારણધીર શુરનરના, ગાઓ યશ ગુણગાન.
આ સ્થળમાં અતીશે આનંદે, થઇ રસમાં ગુલતાન

ધીર હિંમત નીતિ રીતિમાં પ્રવિણનર જગમાં સુર્ય સમાન
પ્રાક્રમમય જે પરદુઃખ ભંજન જગહીતકાર મહાન
વિપદ વાદળો ભેદી પ્રગટે, નેક ટેક નિધાન—
કીર્તિ કીર્ણ દશદીશમાં પ્રસારે, લહેમહીમાં માન
નિજ અરિદળ બળને સંહારે, સત્ય ધારી સુખદાન
વિજય સુંદરી વરે સૃષ્ટિમાં, વિરલ સમર્થ સુજાણ—

સખીઓ— ૧

મંગળ દિન આ મંગળ ઘડી પળ મંગળ ઉત્સવ
આજ સુખકારી—મં.
મંગળ નૃપ યશ મંગળ ગાઈ
મંગળ સુતની જન્મ વધાઈ
સત સંવત્સર હે દીનવત્સલ
આયુષ ધારી હો પુન્યશાળી
સકલ વિઘ્ન હરી શાન્તિ અરપો
હૃદય આશીષ અમએજ પ્યારી—મંગળ.

રાણી— ૨

એજી ઝુલોજી પ્યારે લાલ કુંવર કાલા,
ભોળાને બાળા રાજ રૂપાળા
તુને ઝુલાવું ઝુલોને મહારાજના યુવરાજ

રે હો બાળા રાજા—એજી.
તારા પારણું બંધાઇ પ્રેમની દોરી.
માતાપિતાની સ્નેહગ્રંથી પુત્રજોડી
તુજ નયન કમળપર રહી હંસી દ્રગજોડી
તુજને ઝુલાવું ઝુલોને પ્યારા લાલ
આણી વ્હાલ રેહો બાળા રાજા—એ
અંગજ અંગનું અંગતુ હૃદયતણું શુદ્ધ રૂપ
આત્મા માતપિતાતણો બાળક બ્રહ્મસ્વરૂપ,
પોઢો પારણું ઓઢાડું શાલની જોડી
ચુમી લઉં હું હર્ષઘેલી થોડી થોડી.
ઘણું જીવો બાલ કુમાર (પ્રભુ) કહું કરજોડી—

નવી— ૩

વાહ જોબન આ શું ખીલ્યું છે જાણે વસંતે ફુલવાડી
રેશમી સાડી સારી અંગધારી ફુલવાળી
પહેરી ચોળી ઝુલવાળી
બુટસ્ટોકીંગ કર રૂમાલ ઝાલી ચાલું હું મદમાતી
સેંટ લવંડર ને પફ પાઉડર ધરી અંગે હરખાતી
રે હું યૌવનમાં છલકાતી,

ગોટાશા—નવી— ૪

માયડીયર છબીલા ને રસીક રંગીલા
ચાલો ફરવાને આજે પાતલીઆ—અન્ડરસ્ટેન્ડ

મને સાયકલ અપાવોને સારી
જોઇએ બ્રુમ બે ઘોડાની ગાડી—માય.
કે'તો મોટર મંગાવું, હું પોતે ચલાવું,
માંહી વાજું મુકાવું, આખી મુંબઇ ગજાવું,
બોલે ઉ ....
સ્પેકટેકલ પેબલના જોઇએ, ફેન ફકકડ જાપાની.
અરે જે જોઇએ તે લાવી આપું, માણુ મજા મનમાની,
ડીયર થેંક યુ - માય હસબંડ
યસ ડીયર થેંક યુ—માય.

ગાનારીઓ— ૫

કજરા રાખો છીપાઈ જમાના ખોટા
જમાના ખોટા જમાના ખોટા
કાપર પહેનું મેં હરી હરી ચુરીઆં
કાપર કરૂં મેં સીંગાર બાલમ મોરા છોટા—

શેર.

કજરા દીયું તો કર કરે, સુરમા દીયો ન જાય;
જીન નેનનમેં પીયુ બસે દુજો ના સમાય.
જમાના ખોટા જમાના ખોટા.

ચંપા— ૬

અરે હાંરે હું રસીક રસીલી અજબ રંગીલી
નાજુક નવેલી પ્રેમનો પાઠ પઢી પહેલો

પ્રથમ પાઠ મેં એ લીધો છે જોડી કેવી જોવી
હસી હસાવી ખુબ રીઝાવી દીધું દીલ પરોવી
મળયો પિયુષ મને પ્રેમનો પ્યાલો
મણીલાલ છબીલો રે છે છેલામાં અલબેલો—


મણીલાલ—
ચંપા— } ૭

વાહ સજ્જન શુભ પ્રેમ નીશાની
આ પ્રમદાની ચતુર સુજ્ઞાની જાશો ન છેક વીસારી—
ઓ વ્હાલા કેમ સમજ્યા જી હા.
અરે વાહ રસીક તમ અધીક રસાળા ને મરમાળાં
વચનની માળા હસી હસી કંઠે ધારી
કેમ ? શાંન્તિ ! જી હા.
બોલે ત્યમ ચાલે કરણીમાં એ સજ્જનની નીતિ
પાળે પ્રેમ પરિક્ષક પોતે મનથી કરી દ્રઢ પ્રી'
પ્રભુ નીભાવશે પ્રેમ આપણો નવ ધર ભ'
જી વાહ વાહ વાહ બસ મોજ
હવે ખુશી જી હા હા હા.

રમાસુંદરી ૮

કીજે સેવા સ્વીકાર સ્વામી'
બાળા લતા હીમજળ સી'
સ્નાન કરાવે સાર—


રસ મકરંદ સુગંધીત કેસર
કરતી ચંદન ભાલ—સ્વામી
કોમળ લાલ પલ્લવિત કરથી
કરતી સુમન વર્ષાવ સ્વામી
નીજ તરૂપતિથી ગ્રહી ફળ ઉત્તમ
અર્પે ફળ ઉપહાર
મંગળ ઉપચાર—સ્વામી



અંક ૨ જો.

દરબારી— ૯

જયજય હો જયજય હો મહારાજ નરવર
તમ પ્રતાપ રવિ પ્રકાશ ઉજ્વલ
દીસે દિન દિનમણી શશી મંગળ
ન્યાય દંડ ધરી સુવર્ણ કરપર
શીરપર ચામર છત્ર બીરાજે
નૃપ સીંહાસન શોભિત આજે
સુરપતિ નરપતિ રૂપથી લાજે
નાચતી કીન્નરી સંગીત સાજે
યશપટથી દશ દીશ છે રહી છાઈ—



સામંત— ૧૦

નાનો પણ નિર્બળ નહીં શત્રુ
મનથી કદીએ ધારો
પ્રગટ પવનથી થઈ ભસ્મ
[illegible] પળમાં લાખોનો

અજલ કજલનો અંત આણવા આ છે યુક્તિ સારી
હું સમશેર બહાદુરની છે આ સમશેર ખુશાલી
છળબળ કળથી કરીશ પાપીનો ઠાર—નાનો

સખીઓ— ૧૧

જુઓ અલી આ પ્રસંગે નાચે વસંત રંગે
પુષ્પ શંગાર અંગે સજી સોળે ઉમંગે
નાયકા યૌવનરંગે જુકતીમદન જંગે
મંદ જળ તરંગ તેશું મૃદુ જળ તરંગ વાગે
કોકીલ શુક ભુંગ કરતાં સુસ્વર સંગિત રાગે
મયુર શું નૃત્ય કરે કળા વિધ વિધ ધરે
દિસે શું સુંદર આજ આ..........
કરતો અલિ જો અલી આ કોમળ કળી વ્યાકુળી આ
પલ્લવ પટ હઠથી ખેંચી કરતો ક્રીડા ભલી આ
કરતાં ચુંબન કંપે લજ્જાથી લજ્જિત અંગે
કળા કળી આજ—

ગા ૧૨

તું ઇશ્વરી મમ્માદેવી માત મહાલક્ષ્મી
પાવની મમ્માદેવી માત મહાલક્ષ્મી
૧ મુર્તિ રૂપાળી
ોતીનીરે ચંદ્રજ્યોતિની—

આનન ચંદ્ર અમીરસપાનથી ભાલ રહી સ્થીર વિપુલ કાન્તિ
શ્યામ ઘટા ઘનતુલ્ય છટા શીર કેશવિષે છુપતી ધરી ભ્રાંતિ
ગ્રંથીત મૌક્તિક ભાલદિસે ઘન વાદલ શ્રવતી જળ ધારા
હોયે શું આ સતી ગંગની ધાર ધરે શીવશંકર જુટ જટાળા
શુક્રની પ્રભા સમાન ભાસતો હોજીરે
હીરલો ચંદ્રક ભાલે જડેલો.
વેસરી મણિ જડીત્ર નાસિકાએ શોભે
અધર દંત રક્ત મણિ શોભતા હોજી રે સુડલો દાડીમ
લેવા ઝુકેલો—
સર સાતના મૌક્તિક હારરૂપે ધરી વિણા વહાતી સરસ્વતી કંઠે
કંકણ ધારણ છે મણિના કર અંબુજ લજ્જિત છે રૂપ રંગે
રક્ત અલક્તક યુક્ત પદે મણિ નુપુરનો સુર સુંદર લાગે
તપ્ત થઇ રવિ કષ્ટ સહી અતી અંબુજ ચરણનો આશ્રય
પાયે ઝાંઝરના ઝણકાર વાળી બિરદાળી મા
તાળી લઇને ગરબે રંગે રમે રે મા
ઉડે ચુંદડી તે લાલ રંગવાળી બિરદાળી મા
બાળાને બહુચર બહુજ ગમે રે.
એવી નખ શીખ શોભા નીહાળી બિ
તાળી દઇને ગરબે રંગે રમે—
સવિતા—
કહે શું વાર વાર મ
માજીના છો પ્રાણ

પ્યારાનાથજી નિભાવો શરણાંગત પ્રતિપાળ
શ્રી લક્ષ્મી પ્રભુ ચરણસેવ કરવા જે રીત રાજી રહી
ને રાત્રી પતિ ચંદ્રસંગ સુખમાં જેવી બીરાજી રહી
અર્ધાંગે શીવ અંકમાં જેમ સતી શ્રી પાર્વતી શોભતી
તેવી આ અબલા પતિ પ્રભુ તણા ચર્ણાબુજે લોભતી
પ્રીય કાન્ત સબંધ વીચારી રતીવતી રસીયા
રસરાજ વર લ્યો કર ધારી—

સવિતા— ૧૪

પ્રેમદા પ્રેમનાં નેન બાણ ક્ષણ ક્ષણ રહી
નવ મારો હાં હાં
રસીયા રતિના રસમાં ઝુલો
એમ કહો ન જીવન પ્રાણ
જે પ્રેમનાં નીશાન
ગણ શરણ પ્રાણ તારક એક તું પ્રાણ
ચિંતામણી સ્વામીજી હાર હીરામણી મારાજી
ત જળ વરશાણ
રાજી પ્યારાજી પ્યારાજી પ્યારાજી

૧૫

કાંઇ કહ્યું નવ જાય

બેસો મોટરની માંય, ડાક્ટર જરમનને ત્યાંય
સીરીયસ આ કેસ સુધરાવીએ
અરે હાય હાય હાય મારો જીવ જાય છે
ખમા ખમા દીલો જાન તને શું થાય છે
કરો મોટર તૈયાર જાઓ લાગે ન વાર
માંદા માણસને વધુ ન બોલાવીએ—
અરે અરરર હાય, કાંઈ કાંઇ થાય છે
તારૂં જાય સત્યાનાશ, તને શુ થાય છે
મોર થુથુ હડતાળ, કવચ આકડાની છાલ
વાટી બારીક કમાલ, તેની કરી ફાકી હાલ
માહી જરાક સોમલ ઘાલીએ.
જાય સમુલગો રોગ, નવો તેના તું જોગ
મળે ડાકટરના ભોગ, રામ બોલોના મંગળ ગવ:

સવિતા— ૧૬

મારી રક્ષા કરજો શ્રી ગોવર્ધન ગી
કરૂં વાર વાર અરજ ગરજ જી
ભક્તજનને તારી દીધા કર
તમે દ્રુપદ સુતાની લજ
ફીધી કુબ્જાને આપ
ઉગ્રસેનને રાજ્ય
હરી રાધા વી

ચંદ્રસિંહ— ૧૭

હાલ જાઉં ધુમ મચાવું
દુશ્મન તનપર મારૂં ખંજર ઉતારૂં
પાપી મારૂં કરૂં ઠાર
તોડું જીવન તેનું કોઇ ફંદે
ખુવાર કરૂં હું રીબાવી એને કરૂં બેજાર
અરે અજીત તારૂ ભમે મોત નજીક
મુજથી કરી હરીફાઇ અવિચારી
કેવો થાય પાયમાલ પામીશ બુરા હવાલ
છોડું ન જીવતો પાપી—હાલ૦

—મણીલાલ— ૧૮

પર વારી વારી જાઉં વાલમ હો.
પ્રીયતારી વસી પ્યારી છબી ન્યારી—
મોહની રે મદભરી મુર્તિ સોહાય
પ્રેમ ચકોરી આનંદ ન અંગ સમાય
જર આ કાંઇ વશામાં રે ધારી
સુરતપર૦



અંક ૩ જો.

લુટારાઓ— ૧૯

પીઓ પીઓજી ખુબ પીઓ આ લાલ રંગ પાણી
રહે રંગમાં આનંદમાં દોસ્તોની જીંદગાની
દીલ રંજ થાય ભંગ ખીલે અંગમાં જુવાની
રતિ રંગના આનંદની બસ એજ છે નીશાની
પીઓ પીઓ પીઓજી લાલ રંગ પાણી—

વીરસીંહ— ૨૦

પાપી તારાં કાળાં કામ છુપશે નહિ માન
કરૂં પળમાંહી નીચ દુશ્મન રન વન
તોડું ખુમારી દુર્જન એ બારીજન દુખકારી
ક્ષણ ભર રહે ન જીવતા જગને પીડતા પાપી—

અજીતસીંહ— ૨૧

હાલ થયા આ શા મારા હે દીનબંધુ.
છેક અશર્ણ છું હું નાથ કરૂણા સીં
કોણ માત તાતથી જન્મ હું પા
અંતે હે જગત પિતા દયા
કલંકી ખુની હું બની ની
પ્રીયના વીયોગે ઘણું

સવિતા— ૨૨

સાખી

મનહી કી મનમે હી રખ, કાહુસેં ન ઉચ્ચાર
બોલત બીગડે કાજ સબ, બીન બોલે હુશીઆર

સવિતા— ૨૩

પીલે પીલે જમાનેમેં થોડા જીના
બહેતી ચલી હય શરાબકી નદીઆં
અર્ગવાની હય એ પાની—
પીતે હય કોઈ જ્યાની લાયે જેવાનીકી નીશાની
પીલે પીલે રંગપાની—
લુત્ફ તબહી આતા હય મસ્તે શરાબે જામમે
બહાદો અપની નાવકો શરાબકે તાલાબમે
પીનેમેં સાંસ મત લો ડુબજાઓ એક શરાબમે
કુચ્છ તુમ કુછ હમ નહીં બન જાઓ એક શરાબમે
જીસને ગે પયછાની સુરત ઉસકી હય નુરાની
શીસા ન પાની ન હોગી મેમાની—


૨૪

લ જમાનાના ફેશનેબલ સુધારાના
નાશ બન્યા આ ચાલ કુધારાના
મ—

રીસપેક્ટ જેન્ટલ મેનનું રાખી
કરતા આવાં કામ મોઢાં સ્યામ થાયે આમ
આ સુધારો પાસ થયેલો નંબર પહેલો
છેલ્લામાં છેલો, ફેચ કરેલો બોળવા બાપનું નામ—

૨૫

શાન્તિ શાન્તિ હો પ્રસારી સુજન હૃદયમાં
નીતિ રીતિ આપો સ્વામી સરવદા—
ક્લેશ ને કુસંપમાંથી મુક્ત કરો કૃપાળુ
સંપત્તિ સુસંપ સદા ઇચ્છે તમારા બાળ
સ્નેહ રસે રસવતી હો ભારતી
ભાગ્યવતી એ આશ વરદા શાન્તિ—



અર્ધ આપજ ૭।–૩।　　　　　　　　　　કીમત માત્ર રૂ. ૪)

ફોટોગ્રાફ પાડવાના ન્યુ

છુપા કેમેરા.

હાલમાં વીલાયતથી મોટા ફેરફાર સાથે કેમેરાનો મોટો જથ્થો આવી પહોંચ્યો છે. આ કેમેરાથી નાનું બચ્ચું પણ સહેલાઈથી ફોટો ઉતારી શકે છે. દોડતી ગાડી, ઉડતું પક્ષી વગેરેનો સહેલાઈથી ફોટો ઉતારી શકાય છે. ફોટોગ્રાફ ઉતારવાની સંપુર્ણ માહીતી ઘેર બેઠે શીખવી શકાએ જાએ, કેમેરા સાથે વ્યુફાઈન્ડર (જેનો ફોટો લેવો છે તે જોવા માટે) ગ્રાઉન્ડગ્લાસ ડબલ ડાર્ક સ્લાઈડ પ્લેટ દવાઓ સાથે કીંમત રૂ. ૪ પોસ્ટેજ દશ આના.

વગર દુઃખાએ વાળ કાઢવા માટે

'હશાળી સાબુ.

જગ્યા ઉપર લગાડવામાં આવે છે તે જગ્યાના
રી નીકળી જાય છે. ચામડીને કોઈપણ જાત
નો રંગ બનાવે છે. કીંમત ત્રણ આણના

જનરલ મહાજન એન્ડ કું૦
મેમણ ખોટ મુંબઈ નં. ૨

આફતરનું

અમૃતબિંદુ.

અનેક રોગો ઉપર જાદુઇ અસર કરનારી એકજ જાણીતી દવા છે. તે પીવા, ચોપડવા વિગેરે અનેક રીતે જુદા જુદા અનુપાનોથી જુદા જુદા રોગો ઉપર લેવાય છે. ખરા સોના, ચાંદી, અને મેટલનાં તરેહવાર ઘડીયાળોનાં ઇનામો હજી પણ મળે છે. તે ઉપરાંત વળી આ વર્ષથી રૂ. ૫) રોકડા ઇનામમાં આપવાની સ્કીમ પણ અમલમાં મુકાત મુકી છે સચિત્ર સુચિપત્ર મફત મળે છે. આજેજ મંગાવો.

અમૃતબિંદુ—વિલાયતી દવાની બધી દુકાનોપર વેચાય છે. ખરીદ કરતી વખતે રજીસ્ટર્ડ નં. ૮૪૧-૧૦ તપાસીને લેજો, તેજ એકલો ખરો માલ છે. તે શિવાયનો માલ બનાવટી સમજવો.

"અમૃતબિંદુ" ઓફીસ, **નડિયાદ અને મુંબઈ નં. ૨.**

મર્ઝીના.

શરીરની બીજી કેટલીની દવાઓ પાછળ વ્યર્થ પઇસા અને
વખતની બરબાદી નહીં કરતાં વેળાસર મર્ઝીનાજ વાપરજો. જે સ
ન માટે તમે રાત દિવસ ફીકરમંદ રહીને તમારાં અશક્ત
વધારે માઠાં પરિણામ તરફ અજાણપણે ઘસડાવા દયો છો
માંથી છુટકો મેળવવા માટે સારામાં સારો રસ્તો એજ છે
"**મર્ઝીના**" વાપરવી. કાયમનું અને ખરું પુરુષાતન
તે ટકાવી રાખવાનું કામ "**મર્ઝીના**"ની બરાબર
કરતીજ નથી. કીંમત માત્ર રૂપીઆ ત્રણ વી.

વિલાયતી દવાની વખારી દુ.

રજીસ્ટર્ડ નં. ૮૪૧-૧૦ તપાસી

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ જ્યાં હોય ત્યાંથી અથવા અમદાવાદ તળશહેરમાં પ્રસિદ્ધ બુક સેલરો પાસેથી મળશે. માટે જેઓ સાહેબોને જોઈતા હોય તેઓએ રોકડી કીંમતથી મંગાવી લેવા. વેલ્યુપેબલ અથવા પોસ્ટેજ કાગળ લખવામાં આવશે નહીં.

			રૂ. આ. પા.
૧	સતી સંયુક્તા નાટકના ગાયનો	(આવૃત્તી સાતમી)	[illegible]
૨	પવિત્ર લીલાવતી નાટકના ગાયનો	" [illegible])	[illegible]
૩	સતી પાર્વતી નાટકના ગાયનો	" ચોથી)	[illegible]
૪	અશ્રુમતી નાટકના ગાયનો	" વીસમી)	[illegible]
૫	રામ વિયોગ નાટકના ગાયનો	" છઠ્ઠી)	[illegible]
૬	[illegible] નાટ. ગાય.	" [illegible])	[illegible]
૭	ભોજકુમાર નાટકના ગાયનો	" [illegible])	[illegible]
૮	[illegible] નાટકના ગાયનો	" [illegible])	[illegible]
૯	[illegible] નાટકના ગાયનો	" [illegible])	[illegible]
૧૦	[illegible] નાટકના ગાયનો	" [illegible])	[illegible]
૧૧	[illegible] નાટકના ગાયનો	" [illegible]	[illegible]
૧૨	મદન મંજરી નાટકના ગાયનો	" [illegible])	[illegible]
૧૩	સતી પદ્મિની નાટકના ગાયનો	" [illegible])	[illegible]
૧૪	[illegible] નાટકના ગાયનો	" [illegible])	[illegible]
૧૫	[illegible] નાટકના ગાયનો	" [illegible])	[illegible]
[illegible]	[illegible] નાટકના ગાયનો	" [illegible])	[illegible]
[illegible]	[illegible] નાટકના ગાયનો	" [illegible])	[illegible]
[illegible]	[illegible] નાટકના ગાયનો	" [illegible])	[illegible]
[illegible]	[illegible] નાટકના ગાયનો	" [illegible])	[illegible]
[illegible]	[illegible] નાટકના ગાયનો	" [illegible])	[illegible]
[illegible]	[illegible]	[illegible])	[illegible]
[illegible]	[illegible]	" [illegible])	[illegible]
[illegible]	[illegible] ગાયનો	" [illegible])	[illegible]
[illegible]	[illegible]	" [illegible]	[illegible]
[illegible]	[illegible]	" [illegible])	[illegible]
[illegible]	[illegible] ગાયનો	" [illegible])	[illegible]

શ્રી દેશી નાટક સમાજ.

[illegible] —અમદાવાદ